**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૬ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૭ ટકા

# શહેરમાં વી.વી. પેટનો નિદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૯ અંતર્ગત આજરોજ ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતના મૂલ્ય અંગેની જાગૃત્તિ લાવવા અને વી.વી.પેટના નિદર્શન કાર્યક્રમનું આયોજન ટાઉન હોલ, સેકટર-૧૭ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલના વાલીઓએ વી.વી.પેટનું નિદર્શન પ્રત્યક્ષ નિહાળી તેની માહિતી પણ મેળવી હતી.

મજબૂત લોકશાહી દેશના નિર્માણ કરવા માટે મતદાન વધુ થાય તે ખુબ જ જરૂરી છે. મતદાન અંગેની જાગૃત્તિ લાવવાના ઉમદા આશયથી આજરોજ ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મતદારોમાં પોતાના એક મતના મૂલ્યની જાગૃત્તિ લાવવા તથા ઈ.વી.એમ. મશીનમાં મતદાન કર્યા બાદ વી.વી.પેટમાં કેવી રીતે નિદર્શન થાય છે, તેની સમજ આપતાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાઉનહોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગરના સરગાસણ ખાતે આવેલી કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલના સમારંભમાં આવેલા વાલીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તેમજ મતદાન કર્યા બાદ વી.વી.પેટમાં કેમ જોઈ શકાય છે, તેની માહિતી મેળવ્યા બાદ પોતાના મનમાં ઉદ્‌ભવતા વિવિધ પ્રશ્નો પણ કર્યા હતા. આવા અનેક પ્રશ્નો અંગેની સરળતાથી માહિતી વી.વી.પેટનું નિદર્શન કરતા કર્મયોગીઓએ આપી હતી.

કાર્યક્રમના આરંભે વાલીઓ અને શાળાના પરિવાર દ્વારા મતદાન કરવા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ લોકશાહી દેશમાં મતદાન કરવું કેમ જરૂરી છે, એક મતદારના મતના મૂલ્યનું મહત્વ કેટલું જેવા વિવિધ બાબતોની માહિતી આપતું રસપ્રદ નાટક યુવાનો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ટોલ ફ્રી નંબર- ૧૯૫૦ અને મતદાન અંગેની જાગૃતિ આપતી ટુંકી ફિલ્મનું પણ પ્રદર્શન કરવામાં આવી હતી. વાલીઓએ મતદાન અવશ્ય કરશે, મતદાન કરવા માટે લોકોને જાગૃત કરશે, તેની ખાત્રી સહી ઝુંબેશ કાર્યક્રમમાં સહી કરીને આપી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિપુલ ઠક્કર, ગાંધીનગર પ્રાંત અધિકારી જે.એમ.ભોરણીયા, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વઢેર, કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલના ડાયરેકટર સંજયભાઈ પટેલ સહિત શાળા પરિવાર અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.




## @ગાંધીનગર

● હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીક અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે બેંક ઓફ ઈન્ડિયા પાસે ઈન્ફોસીટી ખાતે ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

● સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ભાગવત દશમ સ્કંદ સપ્તાહ પારાયણ અંતર્ગત રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સે-૨૨ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ગોવર્ધનલીલા અને વેણુગીત યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ નારણભાઈ જોઈતાભાઈ, ઉ.વ. ૯૦
- સ્વ. ઠાકોર ગજવીબેન મણાજી, ઉ.વ. ૮૪
- સ્વ. ઈન્દીરાબેન નારણભાઈ ધ્રાંગધરીયા, ઉ.વ. ૮૩

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

સરગાસણ સ્થિત ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ દ્વારા વર્ષ દરમિયાન અભ્યાસમાં તથા શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેઓ અભ્યાસમાં આગળ હોય તેમાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને બેસ્ટ કલાસ તથા બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધી યર, સર્ટીફીકેટ અને શિલ્ડથી



સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાળા કક્ષાએ યોજવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે સ્પોર્ટસ ડે, આર્ટ એન્ડ ક્રાફટ, નિબંધ સ્પર્ધા, દોહા પઠન જેવી સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબર લાવનારને ઈનામ તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર અને પ્રમુખ વૈષ્ણવસર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના પ્રિન્સિપાલ પ્રવિણાબેન અને સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. શાળાના તમામ સ્ટાફ, શિક્ષકગણ દ્વારા વિજેતા વિદ્યાર્થીઓનો બિરદાવવામાં આવ્યા હતા.

## જીવનધારા ફાઉન્ડેશન દ્વારા કપડા અને નાસ્તાનું વિતરણ




ગાંધીનગર, તા.૨૪

ઉનાળાની ગરમીમાં કપડા રૂપી હુંફ મળી રહે તે અર્થે જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટ દ્વારા સે-૧૩ ખાતે કપડા અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં સંસ્થાના પ્રમુખ મહેશભાઈ જીરાવાલા, પ્રદિપસિંહ વાઘેલા, અમિતાબેન વાઘેલા, શ્રેયાંશી શ્રોફ, યુવરાજસિંહ ચુડાસમા, ગૌરાંગ વ્યાસ તથા મહાનુભાવોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## સિસિકાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક બેઠક તા. ૨૭ માર્ચના રોજ સાંજે ૫ કલાકે સે-૭ સ્થિત લેઉઆ પટેલ સમાજ વાડી ખાતે યોજાશે. બેઠક પૂર્ણ થયા બાદ બી.જે. મેડીકલ કોલેજના પૂર્વ પ્રાધ્યાપક ડૉ. વાસુદેવભાઈ રાવલ દ્વારા 'મારું ગામ મારું કામ' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવશે. સંસ્થાના મંત્રી બી.ડી. શાહ દ્વારા સિસિકાના સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



સિનિયર સિટિઝન કાઉન્સિલ અને વૈષ્ણવ સમાજ દ્વારા સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરાપીના સહકારથી મોબાઈલ વાનમાં નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૧૫ દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો અને કોલેજના ડૉ. મિનિતા બી. ચૌહાણ દ્વારા સ્વાસ્થ્ય અંગે કાળજી બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ચ માર્ગ પર અજાણી કારની ટક્કરથી એકટીવા ચાલક વડીલનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહન ચાલકો રોકેટ ગતિએ પોતાના વાહનો હંકારે છે. શહેરમાં ગતિ નિયંત્રણ હોવા છતા વાહન માલિકો બેફામ સ્પીડે વાહનો હંકારતા નાનામોટા અકસ્માત રોજ સર્જાય છે. જેમાં ટું-વ્હીલર વાહન ચાલકોને નાની મોટી ઈજા કે પછી જીવ ખોવાનો વારો આવે છે. ત્યારે શહેરના ચ માર્ગ પર રવિવારની બપોરે ચ-૫ થી ચ-૩ તરફ એકટીવા લઈને પસાર થઈ રહેલા વડીલને પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી અજાણી કારે ટક્કર મારતા વડીલ રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં વડીલને શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન વડીલનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે સે-૨૧ પોલીસે મૃતકના દિકરાની ફરીયાદ નોંધીને સીસીટીવી ફુટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧ સી પ્લોટ નં. ૩૯૨-૨ ખાતે વસવાટ કરતા અમરતલાલ સુખરામભાઈ પંચાલ (ઉ.વ.૬૦ આશરે) બપોરના ૧૨ વાગ્યાના અરસામાં એકટીવા નં. જી.જે.૧૮.એ.પી.-૭૩૪૬ લઈને ચ-૫ થી ચ-૩ તરફ જઈ રહ્યા હતા. તે સમય દરમિયાન અચાનક પાછળથી આવી રહેલી કોઈ ધસમસતી કારે અડફેટે લેતા અમરતભાઈ રોડ પર પટકાયા હતા. અકસ્માતને પગલે સ્થળ પર નાગરીકો એકઠા થઈ ગયા હતા. અકસ્માત સર્જીને કાર ચાલક ભાગી ગયો હતો. જયારે શરીરે ગંભીર ઈજા પામેલા એકટીવા ચાલક અમરતભાઈને તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે મૃતકના દિકરાએ સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી અજાણ્યા કાર ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## બ્રહ્મસમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરુ થશે

ગાંધીનગર, તા.૨૪

સમસ્ત બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજના બાળકો માટે બિનસચિવાલય કલાર્ક, પંચાયત કલાર્ક, સચિવાલય ઓફીસ આસિસ્ટન્ટ, પંચાયત, તલાટી તથા કલાસ-૩ પરીક્ષાની તૈયારી અર્થે વિના મૂલ્યે વર્ગો તા. ૧૮ એપ્રિલથી સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે શરુ કરવામાં આવશે. ઈચ્છુક સમાજના ભાઈઓ બહેનોએ તા. ૧૫ એપ્રિલ પહેલા રજીસ્ટ્રેશન કરાવી લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે. વધુ માહિતી માટે વૈભવ રાવલ ૭૮૦૨૦૮૪૦૩૫, વૈભવ જોષી ૮૪૬૦૫૮૧૩૧૯નો સંપર્ક કરવા સમાજના આગેવાનોએ જણાવ્યું છે.

# જો આપણા ઘરમાં માળો કરવા દઈશું તો ચકલી જરૂર બચશે

## સોશ્યલ મિડિયા પર વિશ્વ ચકલી દિવસની ઉજણી સાથે ચકલીને બચાવવા જાગૃતિમાં વધારો થયો છે
## ગાંધીનગરમાં એક પ્રકૃતિપ્રેમીએ ચકલી પરિવારને સાચવવા પોતાની જીવનશૈલીમાં પણ બાંધછોડ કરી છે

ગાંધીનગર, તા.૨૪

'તારો વૈભવ રંગમહોલ સોનુ ને ચાકર ઘાડું,
મારે તો ફળિયે ચકલી બેસે તે મારું રજવાડું'.

કવિ રમેશ પારેખે લખેલી આ પંકિતઓમાં ચકલીની મહત્તા તેમણે ઉજાગર કરી છે તેટલી કદાચ બીજી કોઈ કવિતામાં નહીં થઈ હોય, એક સમયે આપણા આંગણે રેતીમાં નહાતી, રમતી, કુદતી, ફુદકતી અને ચીં..ચીં..ના મધુર કલરવથી મનમોહિત કરતી ચકલી હવે દેખાતી નથી તેવી સ્થિતિ જોવા મળી રહી છે અને જયારે તા. ૨૦મી માર્ચે વિશ્વ ચકલી દિવસ ઉજવાય છે ત્યારે આપણે યાદ કરીને ચકલીની તસવીરો શે'ર કરી વસવસો પણ વ્યકત કરીએ છીએ. આ સાથે મોબાઈલના ટાવરના તરંગોના કારણે ચકલી આપણાથી દૂર થઈ ગઈ હોવાની વાતો કરીને અફસોસ વ્યકત કરીએ છીએ પરંતુ ખૂબ ઓછા વ્યકિતઓ જોવા મળે છે જેઓ ચકલી તથા તેના જેવા નાના કદના પંખીઓના જતન માટે કોઈ નકકર કામગીરી કરે છે. ગાંધીનગરમાં રાજુભાઈ મકવાણા નામના નાસ્તાની લારી ચલાવતા શ્રમજીવી યુવાન દ્વારા પોતાના ઘરમાં એકવાર પંખામાં ચકલીના આવી જવાથી થયેલા મૃત્યુથી દ્રવિત થઈ છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે વિશ્વ ચકલી દિવસે ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે જેને કદાચ મોટાભાગના શહેરીજનો જાણે છે. આજકાલ સોશ્યલ મિડિયાને કારણે ઉનાળામાં પંખીઓ માટે પાણીની વ્યવસ્થા માટે માટીની પક્ષી પરબોનું વિતરણ કરવાનું ચલણ પણ વધ્યું છે. ગાંધીનગરમાં એક એવા પક્ષી




પ્રેમી પણ વસે છે જેમણે પોતાના મકાનમાં ચકલીઓના વસવાટની વ્યવસ્થા ઉભી કરી છે અને તેના કારણે તેમના ઘરમાં વસતા ચકલી પરિવાર પરેશાનીનો ભોગ ના બને તેની તકેદારી રાખવા જીવનશૈલીમાં પણ ફેરફાર કર્યો છે.

ગાંધીનગરના સેકટર-૨૬માં ગ્રીનસીટી સોસાયટીમાં રહેતા કૌશિકભાઈ ગજ્જર મૂળ વ્યવસાયે ફોટોગ્રાફર છે. જેમણે ઈલેકટ્રોનિકસ વિષયમાં આઈટીઆઈનો ડિપ્લોમા કરી ખાનગી ટેલિકોમ કંપનીમાં આઠ વર્ષ નોકરી કર્યા બાદ ફોટોગ્રાફીના શોખને કારકિર્દી બનાવવા નોકરીને તિલાંજલી આપી હતી. પિતા અમૃતભાઈ સિવિલ એન્જિનીયર હોવાને નાતે ધરોઈ સિંચાઈ યોજનામાં









નોકરી હોવાથી ત્યાં કુદરતના ખોળે બાળપણ વિતાવનાર કૌશિકભાઈને નાનપણથી પ્રકૃતિ સાથે આત્મીયતા બંધાવી સ્વાભાવિક હતી. વર્ષ ૨૦૦૬માં તેમના મકાનમાં એક દિવસ એક ચકલી આવી અને સતત અઠવાડિયા સુધી અવરજવર કરતી રહી તે જોઈને કૌશિકભાઈ સમજી ગયા કે તે માળો કરવા યોગ્ય જગ્યા શોધી રહી છે. આ જોઈ કૌશિકભાઈએ ફોમ શીટ મટિરીયલ્સમાંથી એક પક્ષી ઘર બનાવ્યું અને પોતાના મકાનમાં મુખ્ય બેઠક ખંડમાં છતને અડીને રહે તે રીતે લગાડયું જે ચકલીને ખૂબ પસંદ આવ્યું એટલે એણે તેમાં પોતાનો સંસાર માંડયો હતો. ચકલી જયારે પણ માળો કરે ત્યારે સતત ખોરાક પાણી માટે અવરજવર પણ કરતી રહી છે તેથી કૌશિકભાઈએ પરિવારને સૂચના આપી ઘરના દરવાજાને હંમેશા ખુલ્લો રાખવાનું શરુ કરી દીધું. જો કોઈ કામસર ઘરમાં બધા બહાર જાય તો માત્ર જાળીને તાળું લગાડીને જાય પરંતુ દરવાજો હંમેશા ખુલ્લો રાખે વળી પોતાના કંપાઉન્ડમાં તેમણે બર્ડફીડર વસાવી તેમાં ચણ તથા નજીકમાં પાણીની પણ વ્યવસ્થા ઉભી કરી દીધી. ચકલીને અવરજવરમાં તકલીફ ના પડે તેથી બારીઓ પર મચ્છરજાળી લગાડવાનું પણ કેન્સલ કર્યું અને બેઠકરૂમમાં ગરમી લાગે તો પણ પંખો વાપરવાનું પણ બંધ કરી દીધું જેથી ચકલીની સુરક્ષા ના જોખમાય જો કોઈ પ્રસંગસર કે અન્ય કારણોથી ઘરના તમામ સભ્યોને એકથી વધુ દિવસ બહારગામ જવાનું થાય તો ઘરના ટોયલેટનો દરવાજો ખુલ્લો રાખતા જેમાં તેમણે ટોયલેટની બારીના સ્લાઈડીંગ્સનો એક કાચ કાઢી નાંખ્યો હતો જેથી મુખ્ય દરવાજો બંધ હોય તો પણ ચકલી આસાનીથી અવરજવર કરી શકે. ચકલીએ બે ઈંડા મુકયા જેમાંથી સ્વસ્થ બચ્ચાં પણ બહાર આવ્યા અને કોશિકભાઈનું ઘર ચીં..ચીં... મધુર કલરવથી ગુંજી ઉઠયું. આ પછી તેમણે વધુ ચકલી ઘર બનાવ્યા અને આજે તેમના ઘરમાં ચકલીના ચાર ચાર પરિવાર તેમના મીઠા કિલકિલાટ સાથે વસવાટ કરી રહ્યા છે.

આટલા વર્ષમાં કૌશિકભાઈનો ચકલીઓ સાથે એટલો નાતો બંધાઈ ગયો છે કે તેના વર્તન પરથી ચકલીની જરૂરિયાતને તેઓ સમજી જાય છે. એકવાર એક ચકલી યુગલમાંથી ચકી દેખાતી બંધ થઈ ગઈ અને ચકો શોકમાં હોય તેવું તેના વર્તન પરથી ભાસ થયો એટલે સમજી ગયા કે ચકલીનું અવસાન થયું છે. આ પછી તેમણે જોયું કે ચકાએ પોતાના બંને બચ્ચાંને માતાની ખોટ પડવા દીધી નહી અને ઉછેર્યા. એકવાર બે બચ્ચામાંથી એક જલ્દી પુખ્ત થતા માળામાંથી બહાર આવવા લાગ્યું તો તેની સાથે નાનું બચ્ચું પણ જે પુખ્ત ના હોવા છતાં બહાર આવવાના પ્રયાસમાં નીચે પડી જતું હતું જેને કૌશિકભાઈ સાચવીને પાછું માળામાં મુકી દેતા હતા. એકવાર તે બચ્ચું પડી જવાને લીધે ઘાયલ થતા તેને બારીની બારશાખમાં રાખ્યું જયાં તેમનો સોફાસેટ હતો અને ઘરનો મુખ્ય દરવાજો થોડા દિવસો સુધી બંધ રખાવ્યો જેથી બિલાડી આવી તેનો શિકાર ના કરી જાય. ચકલી પણ બચ્ચાંને ખવડાવવા બારશાખ પર આવતી હતી. બચ્ચું જયાં સુધી પુખ્ત બનીને ત્યાંથી જાતે ઉડી ગયું ત્યાં સુધીમાં આખો સોફાસેટ ગંદો થઈ ગયો છતાં તેમણ તેને સાચવ્યું હતું. જો કે ચકલી પોતાનો માળો અંદરથી હંમેશા ચોખ્ખોચણાક રાખે છે જેથી તેના બચ્ચાંઓ કોઈ ચેપનો ભોગ ના બને તેવું અવલોકન કરનાર કૌશિકભાઈ કહે છે કે 'આપણે જો ઘરમાં ચકલીને માળો કરવા દઈશું તો જરૂર ચકલી બચશે અને આપણી નજીક આવશે.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com